લાંબા સમયના પડતર પ્રશ્નો અને ખોટી કનડગતના વિરોધમાં

દસ્તાવેજ નોંધણી કર્મચારીઓની લડતનો પ્રારંભ, સરકારને અલ્ટીમેટમ

તા.૧૫મીએ કાળી પટ્ટી ધારણ,૨૨મીએ માસ સીએલ, કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

| રાજકોટ

મહેસુલ વિભાગ હેઠળની નોંધણી સર નિરીક્ષકની કચેરી દસ્તકની સબ રજીસ્ટ્રાર કચેરીઓ સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી સ્વરૂપે મહેસુલી આવકમાં રાજ્યના સૌથી અગ્રેસર વિભાગો પૈકીનો એક વિભાગ છે. છતાં નોંધણી પ્રભાગના કર્મચારીઓના પડતર સેવા વિષયક અને વહીવટી પ્રશ્નો માટે મંડળ દ્વારા મહેસુલ વિભાગ અને નોંધણી સર નિરીક્ષક કચેરી ખાતે સતત અને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સકારાત્મક કે નક્કર નિરાકરણ ન આવતા આજથી રાજ્યવ્યાપી લડતનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ગુજરાત રાજ્ય રજીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ કર્મચારી મંડળ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. મંડળે સરકારને તાકીદ કરી છે કે, કર્મચારીઓના પ્રશ્નોનું ઝડપી અને હકારાત્મક નિરાકરણ લાવી ઘટતી કાર્યવાહી કરવામાં આવે અન્યથા આગામી દિવસોમાં કાર્યક્રમ મુજબ કામગીરી કરવામાં આવશે. મંડળ દ્વારા આજે તમામ જિલ્લા રજીસ્ટ્રાર અને કલેક્ટરને આવેદન પત્ર પાઠવી લડતનો પ્રારંભ કર્યો છે.

હવે તા. ૧૫ને ગુરૂવારે કચેરી કામગીરી દરમ્યાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવશે. ત્યારબાદ તા. ૧૭ને શનિવારે કચેરી કામગીરી સંપૂર્ણ તમામ વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈ વિરોધ નોંધાવશે. તે પછી તા. ૨૨ને ગુરૂવારે તમામ કર્મચારીઓ માસ સીએલ પર જશે અને છેલ્લે તા. ૨ નવેમ્બરે સોમવારથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે.

કર્મચારીઓની મુખ્ય માંગણી શુ છે ?

* ચાર્જશીટ બંધ કરો, ઓડિટ ફ્કરાની ખોટી નોટિસ આપવાનું બંધ કરો
* મહેસુલ વિભાગના ઠરાવ મુજબ ચોગ્ય પ્રોકિયા વગર FIR બંધ કરો
* સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-સની કેડર મર્જ કરો
* ગરવી ૨.૦ પોર્ટલની ટેકનિકલ ખામી અને વિસંગતતા દુર કરો
* ટાર્ગેટલક્ષી લગતા અને આઘારકાર્ડને લગતા વિરોઘાભાસી પરિપત્ર રદ કરો
* કાયદાકીય ગુચવડોમાં વડી કચેરી સ્પષ્ટ માર્ગદર્શન આપે
* કર્મચારીઓની વિનંતી બદલીની અરજીઓને ન્યાય આપો
* બીનજરૂરી રજીસ્ટ્રેટ, ટોકન સ્લોટ ઘટાડો, નનામી અરજીની ફનકાર બંઘ કરો

રવિવારે શાંતિપૂર્ણ મતદાન થયા બાદ આજે મતગણતરી

ઓખા પાલિકા, ભાડથર-થોરીયાળી બેઠકની પેટા ચુંટણીનું આજે પરિણામ

| રાજકોટ |

ઓખા નગરપાલિકા, દ્વારકા જિલ્લા પંચાયતની ભાડથર બેઠક અને પડધરી તાલુકા પંચાયતની થોરીયાળી બેઠકની જાહેર થયેલ ચુંટણીમાં રવિવારે શાંતિપૂર્ણ રીતે મતદાન થયા બાદ સ્થાનીક ચુંટણી તંત્ર દ્વારા મતગણતરીની તૈયારી હાથ ધરવામાં આવી છે. આવતીકાલે સવાર ૯ વાગ્યાની મતગણતરીનો પ્રારંભ થનાર હોય ઉમેદવારોમાં ભારે સસ્પેન્સ સર્જાયું છે.

ઓખા નગરપાલિકાના ૯ વોર્ડમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી સહિત અપક્ષના ૭૫ ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતર્યા છે. કુલ ૯ વોર્ડમાં ૩૮ બુથમાં ૩૬,૫૨૩ મતદારોમાંથી ૨૦,૬૧૨ મતદારોએ મતદાન કર્યું હતું તેમાં ૧૦,૦૦૬ મહિલા અને ૧૦,૬૦૬ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. આમ કુલ ૫૫.૭૧ ટકા મતદાન થયું છે. આવતીકાલે સવારે રાઉન્ડ વાઈઝ મતગણતરી કરવામાં આવશે અને બપોર પહેલા ઓખા પાલિકાની ચુંટણીનું પરિણામ જાહેર થશે.

જ્યારે દ્વારકા જિલ્લા પંચાયતની ખાલી પડેલી ભાડથર બેઠકની પેટા ચુંટણીમાં ૨૧ બુથમાં ૬૭.૮૩ ટકા મતદાન થયું છે. જ્યારે પડધરી તાલુકા પંચાયતની થોરીયાળી બેઠકમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાતા ૭૯.૨૭ ટકા મતદાન થયું છે. હવે આવતીકાલે સવારે પરિણામ જાહેર થાય તે પહેલા ઉમેદવારો સહિત રાજકીય પક્ષોમાં ભારે ઉત્તેજના પસરી છે.

ઓખા પાલિકાના ૭૫ ઉમેદવારોનું ભાવી આજે મતપેટીમાંથી ખુલશે

CBDC યોજનામાં ટેકનિકલ મુશ્કેલીઓની DSOને રજુઆત

પૂરવઠા તંત્રના સર્વરના ધાંધિયા સામે સસ્તા અનાજના દુકાનદારોમાં ઉહાપોહ

જ્યાં સુધી સિસ્ટમની ક્ષતિઓ સુધરે નહીં ત્યાં સુધી વિતરણ મોકુફ રાખવા માંગ

| રાજકોટ |

રાજકોટ શહેર ગ્રેટ પાઈસ શોપ એસોસીએશને CBDC યોજના હેઠળ અનાજ વિતરણમાં પડતી ગંભીર ટેકનિકલ મુશ્કેલીઓ અંગે જિલ્લા પુરવઠા અધિકારીને આવેદન પત્ર પાઠવી હાલાકી નિવારવા રજૂઆત કરી હતી.

એસોસીએશનના પ્રમુખ માવજીભાઈ રાખસીયા અને મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું કે, છેલ્લા ૪-૫ મહિનાથી મોટી સંખ્યામાં લાભાર્થીઓને CBDCમાં ઓનબોર્ડ કરાયા છે, પરંતુ PNB બેંક સર્વર અને e-FPS સિસ્ટમ વચ્ચે યોગ્ય સંકલન નથી. PNB સર્વર ધીમું ચાલે છે, લોગિન કરતા જ e-FPS માંથી લોગઆઉટ થઈ જવાય છે અને



ફોટો : જયેશ ટંકારીયા

ટ્રાન્ઝેક્શન થયા બાદ પણ જથ્થામાં ઘટાડો દેખાતો નથી.

ઓગસ્ટમાં બાજરીના અવેજના ચોખાના ફુપન જનરેટ ન થયા, સપ્ટેમ્બરમાં સમસ્યા યથાવત રહી અને ઓક્ટોબરમાં સ્થિતિ વધુ ગંભીર બની છે. ઘઉં, ચોખા, બાજરીના ફુપન જનરેટ હોવા છતાં અવેજના બિલ બનતા નથી, માત્ર ૩ કિલોનું બિલ બને છે. દુકાનદારો પર ઓનબોર્ડિંગ માટે તંત્ર દ્વારા દબાણ કરાયું હતું, પરંતુ સિસ્ટમની ખામીને કારણે લાભાર્થીઓ સાથે ઝઘડા થાય છે. જ્યાં સુધી CBDC માટરની કરિશ્મા વિતરણ મોકુફ રાખવા અને નિયમિત અનાજ વિતરણ ચાલુ રાખવા માંગ કરાઈ છે.

સવારે દ્વારકા, ઓખા, પોરબંદર, ભુજમાં ધુમ્મસ છવાયું

રાજકોટમાં ૪૦ ડિગ્રી, પોરબંદર, વેરાવળ, ભુજમાં પણ પારો ઉંચકાયો

કેશોદ, અમરેલી, નલીયા, મહુવામાં ઠંડીની અસર

| રાજકોટ |

સૌરાષ્ટ્ર-કચ્છમાં આસો મહિનામાં મિશ્ર માહોલ અનુભવાઈ રહ્યો છે.નવરાત્રિ પર્વ દરમિયાન કુલ ગુલાબી ઠંડીની અસર શરૂ થઈ હોય તેમ કેશોદ, અમરેલી, નલીયા, પોરબંદર અને મહુવામાં લઘુતમ તાપમાન ૨૧-૨૨ ડિગ્રીની આસપાસ પહોચી ગયું છે. જો કે, બપોરના સમયે ઉનાળા જેવો તાપ પડી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં આજે પણ રાજકોટ ૪૦ ડિગ્રી સાથે હાઈએસ્ટ ગરમ શહેર બન્યું છે તો પોરબંદર, વેરાવળ અને ભુજમાં પણ પારો ૩૮ ડિગ્રીને વટાવી ગયો છે.

સવારે હવામાં ભેજનું પ્રમાણ વધતા દ્વારકા, ઓખા, પોરબંદર અને ભુજમાં ધુમ્મસ છવાયું હતું. મધ્યાહન વેતાની સાથે જ ગરમીનો પારો ઉંચકાયો છે. રાજકોટમાં મહતમ તાપમાન ૩૯.૮, પોરબંદર ૩૮.૬, વેરાવળ-ભુજમાં ૩૮.૨, સુરેન્દ્રનગર ૩૭.૮, કેશોદ-કંડલા એરપોર્ટ ૩૭.૫, ભાવનગર ૩૬.૦, મહુવા ૩૬.૬, દીવ ૩૫.૮, દ્વારકા ૩૧.૪ અને ઓખામાં ૩૧.૩ ડિગ્રી તાપમાન વર્ઢ ગયું હતું.

મસાલાની દુકાનમાં કામ કરતી હતી, પોલીસે CCTV ફૂટેજ તપાસ્યા

| જૂનાગઢ |

જૂનાગઢના કડીયાવાડમાં રહેતી અને દાણાપીઠમાં મસાલાની દુકાનમાં કામ કરતી ૨૧ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેનું મોત થયાની ઘટના સામે આવી છે, તેના મોત પાછળ કોણ જવાબદાર છે તે અંગે પરિવારે ન્યાયની માંગ કરી છે.

જૂનાગઢના કડીયાવાડમાં રહેતી નિશાબેન હિતેશભાઈ મહેતા ઉ.૨૧ નામની યુવતીએ ગઈકાલે દાણાપીઠ વિસ્તારમાં સવારે ૧૦.૧૫ વાગ્યાના અરસામાં અચાનક ઝેરી દવા પી લેતા તેનું મોત થયું હતું, આ અંગે પોલીસને જાણ થતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે, આ અંગે તેણીના ભાઈ પાર્થ મહેતાએ જણાવ્યું કે, તેની બહેન દાણાપીઠમાં આવેલ મસાલાની દુકાન રાજા એન્ટરપ્રાઈઝમાં કામ કરતી હતી, અને તેના શેઠનો તેને ૧૧ કલાકે ફોન આવ્યો કે, તારી બહેન પડી ગયેલ છે, અને બેભાન થયેલ છે, આ ઘટના અંગે તટસ્થ તપાસની માંગ કરવામાં આવી છે, આ અંગે એ ડિવીઝન પોલીસે મૃતક યુવતી ઘરેથી નીકળી અને દુકાને પહોંચી તે અરસામાં શું બન્યું તે અંગે સીસીટીવી ફૂટેજ તપાસીને વધુતપાસ ચલાવી રહી છે.

દિવાળી સ્પેશ્યલ ટુર્સ
Air ટ્રાવેલ્સ પ્રા.લિ. Air ટ્રાવેલ્સ પ્રા.લિ.
કાશ્મીર શ્રીનગર, વૈષ્ણોદેવી, અમૃતસર, ડીકોચર, પહેલ્ગામ, સોનમર્ગ
૬ દિ.૧૨ • રહેવા-જમવા સાથે પર્સનલ AC ૩મ બસ
બસી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
M.87802 05593

દિવાળી સ્પેશ્યલ - Rail & Air
કુલુ-મનાલી-ધર્મશાળા-ડલહાઉસી-અમૃતસર
AC હોટલ-AC બસ-ગુજરાતી કેટરર્સ સાથે
ભારતદર્શન 98244 56688

દિવાળી AC/NonAC/સીઝીંગ/સ્લીપર બસ પ્રવાસ
ચારધામ યમુનોત્રી ગંગોત્રી કેદારનાથ બદ્રીનાથ ભાઈબીજ
કાશ્મીર મનાલી અયોધ્યા
સાગર ટ્રાવેલ્સ-વાંકાનેર M: 94260 20210
94260 20390 / 99253 93939

ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સુરક્ષિત રોકાણની ઉત્તમ તક
ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટ માટે
₹ 25 લાખ ના બે ઇન્વેસ્ટર જોઇએ છે.
ઇન્વેસ્ટમેન્ટ ₹25 લાખ
(ROI):વાર્ષિક 15% મુજબ નિયમિત માસિક વળતર
રોકાણનો સમયગાળો: 5 વર્ષ બિલ્ડમ મુદત
• ₹ 500 ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ એગ્રીમેન્ટ કરવો અને એડવાન્સ ચેક • આ ઓફર માત્ર ઇન્વેસ્ટમેન્ટ માટે છે પાર્ટનરશિપ માટે લેખવું કરવો નહિ
99091 79624

-:: જાહેર નોટીસ ::-
રાજકોટ વિભાગના સંયુકત ચેરીટી કમિશનરશ્રીની કચેરી, રાજકોટ.
જામનગર રોડ, જામટંબરવર પાસે, રાજકોટ.
(સને ૧૯૫૦ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦-અ અન્વયે સ્કીમ અરજી)
બાબત : શ્રી લુહાર જ્ઞાતિ દેવતાણખીબાપા અને લીરલબાઈની જગ્યા,
મજેઠી, તા. જુનાગઢ,
નોંધણી નં.એ/૭૩૮/જુનાગઢ
સ્કીમ અરજી નંબર – ૬૩/૨૦૨૫
સુનાવણી : તા. ૦૧/૧૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨ કલાકે.
અરજદાર : (૧) શ્રી કાંતિલાલ સુંદરજીભાઈ ગોહેલ તથા અન્ય (૩)
વિરૂધ્ધ
કોઈ નહી.
ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરીટી કમિશનરશ્રી, રાજકોટ સમક્ષ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦-અ અન્વયે સ્કીમ કરી તાવના વર્તમાન સમય અનુસુચ ટ્રસ્ટનો વર્તીવટ સુચવવરિયત રીતે ચાલે તે માટે, ટ્રસ્ટની સ્કીમ પડી બનાવના અરજી રજુ કરેલ છે.
આથી સદરહું ટ્રસ્ટના દિન પ્રતિદનના તમામને આથી ખબર આપવામા આવે છે કે, સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ ? અને ઘડવી તો કેવી ? તે અંગે ટ્રસ્ટના તિન પ્રતિનાસમાં અને જો કોઈ સુચનો / રજુઆતો કરવી હોય, તો તેવા સુચનો / રજુઆતો મને અત્રેની ઓફીસ ખાતે અત્રના પુરાવાઓ અને તેના સમર્થનના મોખરતામા આવે મોટામા મોટા તા.૦૮/૧૧/૨૦૨૬ સુધીમાં મળે તે રીતના ટપાલ દ્વારેનો મોકલી આપવા આથી જણાવવામા આવે છે.
સ્કીમ અરજની તમે પછીની સુનાવણીની કાર્યવાહી અંગેની કોઈ જાત તા. ૦૧/૧૨/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ કલાકે હાથ ધરવામા આવશે. સુચનો / રજુઆતો કરનાર ઉપરોકતે તે દિવસે સુનાવણી માટે હાજર રહેવાનુ રહેશે. સદરહું મુદતના રોજ સુધનો/રજુઆત કરનાર ગેરહાજર રહેશે તો તેઓની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે ત્યારબાદ કોઈ સુચનો / રજુઆતો ધ્યાન પર લેવામાં આવશે નહીં. ટપાલ/ટેલીફોનથી મુકત આપવામાં આવશે નહી જેની નોંધ લેવી.
આજરોજ તા. ૦૭/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા તેઠળ આપી.
તા. ૦૭/૧૦/૨૦૨૬, રાજકોટ.
તૈયાર કરનાર : મોહિત એમ. સોલંકી, (સી.કે.જોષી)
હિસાબનીશ. સંયુકત ચેરીટી કમિશનર, રાજકોટ.

સવારે કામે જવા નીકળ્યા બાદ એવું તે શું બન્યું તપાસનો વિષય

જૂનાગઢની દાણાપીઠમાં નોકરી કરતી યુવતીએ ઝેરી દવા પી લેતા મોત થયું

ઝોર્બ જી
કલ્યાણવિજય ટ્રેડર્સ લિમિટેડ
માટે અભિરુચિની અભિવ્યક્તિ માટે આમંત્રણ
અમદાવાદ, ગુજરાત ખાતે ટેકસાવલંબિત ઉત્પાદનમાં કાર્યરત
(ઇન્સોલ્યન્સી એન્ડ બેન્કરપ્સી કોડ એકટ ટ્રીબ્યુનલ (ઇન્સોલ્વન્સી ટ્રીબ્યુનલ પ્રોસેસ ફ્રોમ કોર્પોરેટ પર્સન્સ) નિયમો, ૨૦૧૬ના નિયમ ૨૩ (૧) ઠેઠળ)

ક્રમ	સંબંધિત વિગતો
૧	કોર્પોરેટ દેવાદારનું નામ પાન અને સીઆઇએન નામે	કલ્યાણવિજય ટ્રેડર્સ લિમિટેડ પાનઃ AAGCK1765P સીઆઇએનઃ L17299GJ2016PLC092224
૨	રજિસ્ટર્ડ ઓફિસ અોફિસનું સરનામું	૫૭, ભાગ્યરાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મહાલક્ષ્મી રેસ્ટોરાં પાછળ, નારોલ કોરા રોડ પાસે, અમદાવાદ, ગુજરાત – ૩૮૨૪૦૫
૩	વેબસાઇટનું ચુસ્તરસ્થેલ	https://www.kalshridhaan.in
૪	જો મોટા ભાગની ઇક્વિટી અસ્તમાલો છે તે સ્થાનની વિગતો	અમદાવાદ, ગુજરાત
૫	મુખ્ય પ્રોડકટ્સ/સેવાઓની સ્થાપિત ક્ષમતા	લાગુ પડતું નથી
૬	છેલ્લા નાણાકીય વર્ષમાં વેચાણેલ મુખ્ય પ્રોડકટ્સ / સર્વિસિસનો જથ્થો અને મૂલ્ય	નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના છેલ્લા સ્ટેડિંગ અંક નાણાકીય નિવેદન મુજબ રૂ. ૧૯૮.૪૭ કરોડ.
૭	કર્મચારી/કામદારોની સંખ્યા	નિલ
૮	બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય અહેવાલો (પ્રતિબિંબ રાખો), કૌટિકરોની સૂચિ સહિતની વધુ વિગતો આ મુજબસ્થેલ પર ઉપલબ્ધ :	પર ઇ-મેલ કરીને વિગતો મોળવી શકાશે. cirp.kli@gmail.com
૯	કાયદાની જ્યાર(ર્સ) હેઠળ ઇરીઓલુશન અરજદારો માટે વધુ વિગતો આ વેબસાઇટ પર ઉપલબ્ધ :	પર ઇ-મેલ કરીને વિગતો મોળવી શકાશે. cirp.kli@gmail.com
૧૦	અભિરુચિની અભિવ્યક્તિ મોળવવાની અંતિમ તારીખ	૨૮.૧૦.૨૦૨૬
૧૧	સંબંધિત ઇરીઓલુશન અરજદારોની કાયલાણી વાળી જાહેર કરવાની તારીખ	૦૩.૧૧.૨૦૨૬
૧૨	કાયલાણી વાળી કોરો બંધ પત્ર કરવાની અંતિમ તારીખ	૧૨.૧૧.૨૦૨૬
૧૩	સંબંધિત ઇરીઓલુશન અરજદારોની અંતિમ યાદી જાહેર કરવાની તારીખ	૨૨.૧૧.૨૦૨૬
૧૪	માહિતીનું મેમોરેન્ડમ, મુલ્યાંકન મેટ્રિક્સ તથા સંબંધિત ઇરીઓલુશન અરજદારોને ઇરીઓલુશન પ્લાનના માટે ક્યારે જાહેર કરવાની તારીખ	૨૭.૧૧.૨૦૨૬
૧૫	ઇરીઓલુશન પ્લાનના પુષ્ય કરવાની અંતિમ તારીખ	૨૭.૧૨.૨૦૨૬
૧૬	ઇરીઓલુશન પ્લાન કરવાનું પ્રોસેસ ઇ-મેઇલ આઇડી	cirp.kli@gmail.com
૧૭	કોર્પોરેટ દેવાદારના સોમાસેમાંનું તારીક રજિસ્ટ્રેશનની વિગતો	UDYAM-GJ-01-0108502

સહી/-
વિક્રમ રાજેન્દ્રકુમાર શાહ
કલ્યાણવિજય ટ્રેડર્સ લિમિટેડના મામલાની ઇરીઓલુશન પ્રોફેશનલ
IBBI/IPA-001/IP-P01169/2018-19/11837
એસોસીએશનની માન્યતા : ૩૯ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી
તારીખ : ૧૩.૧૦.૨૦૨૬ ૨૦૮, ટ્રાન્સફાર્મ હિરા, નવનિર્માણ કો-ઓ. સોસાયટી સામુખી,
સ્થાન : અમદાવાદ એસજીએફઓ બેન્ક રોડની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

કામરેજમાં આર્થિક તંગીથી કંટાળી સૌરાષ્ટ્રવાસી યુવકનો આપઘાત

કીમ | કામરેજમાં ૩૫ વર્ષીય સૌરાષ્ટ્રવાસી યુવકે આર્થિક સંકડામણનાં કારણે હતાશામાં આવી જઇ સોમવારીનાં ગાર્ડમાં ઝેરી દવા પીને જીવન ટુંકાવી લેતા ચકચાર મચી ગઇ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર હાલ કામરેજનાં દેરોડ ગામ રોડ પર સિદ્ધ શુભનંદની સોસાયટી વિભાગ-૨માં રહેતા અને મૂળ અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં પીપળીયા ગામનાં વતની ૩૫ વર્ષીય રાકેશભાઇ વલ્લભભાઇ કાલેલા નોકરી કરતા હતા. રાકેશભાઇ છેલ્લા કેટલાક સમયથી આર્થિક તંગી અનુભવી રહ્યા હતા. જેથી માનસિક તણાવમા આવી જઇને તેમણે સોસાયટીનાં ગાર્ડનમાં જઇ અનાજમા મુકવાની સેલ્ફોસ નામની ઝેરી દવા પીધી હતી. તેમની તબિયત લથડતા તાત્કાલિક પરિવરને અને આસપાસનાં લોકો દ્વારા તેમને સારવાર અર્થે જી.જી.વાદ્યાણી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમ્યાન રાકેશભાઇનું મોત થયું હતું. આ ઘટનાની જાણ કામરેજ પોલીસને કરાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED
(O&M) Circle Office Junagadh 362001
www.pgvcl.com & http://guj-epd.gov.in
PGVCL PGVCL
TENDER NOTICE NO.SEJND-335/2026
Sealed tenders are invited from registered and experienced contractors/supplier & works - Tender notice No. : SEJND – 335/2026 Other detail information is available at all division office notice board and on our website https://tender.guvnl.com.Online tender available on https://tender.nprocure.com
Superintending Engineer
Customer Care No.1800-233-155333 & 19122
Save Energy for Benefit of Self & Nation

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર ઉદ્યોગ અને ખાણ વિભાગ ગુજરાત સરકાર
Email: ag-auction-cg-cgm@gujarat.gov.in
સંદર્ભ નં: Ges/Minor/Block/OSD/GND/001/2025- તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬
જાહેર નિવિદા
"સાદી રેતી ખનિજની જી ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્ણ થયેલ છે, તે ક્વોરી લીઝની મંજુર કરવાના હેતુઓ માટે બીડ આમંત્રણ"
ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તે અંતર્ગત પ્રસિધ્ધ થયેલ નિયમ ૧૨ (૪) અને નિયમ (૬એ) ના ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઇઓ મુજબ ગુજરાત સરકારે ઈ-ઓકશન માટે ૦૩ (ત્રણ) સાદી રેતી ખનિજની બ્લોક તૈયાર કરેલ છે અને જેની ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્ણ થયેલ છે, તે ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુ માટે બીડ આમંત્રિત કરે છે.
ઈ-ઓકશનમા ભાગ લેવા માટે પાત્રતા, તારીખ, સમય અને શરતો ડેકકર દસ્તાવેજમાં પુરા પાડવામા આવશે. ખનિજ બ્લોકની ઈ-ઓકશન પ્રક્રિયા માટે સમયરેખા, જાહેરનામું, આદાન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો કલ્ર ઇલેકટ્રોનીકસ વ્યવસ્થા જ ઉપલબ્ધ કરાશે અને (n) Code Solutions-A division of GNFC Limited (https://cgm-eauction.nprocure.com) ની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.
રસ ધરાવતા બિડર્સ જેની ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્વે થયેલ છે, તે ક્વોરી લીઝની ઈ-ઓકશન પ્રક્રિયામા ભાગ લેવા માટે ઉપરના ઈ-ઓકશન પોર્ટલ પર જરૂરી લોગીન આઈ.ડી. અને પાસવર્ડ મેળવવા માટે પોતાની નોંધણી કરાવી શકે છે.
ઈ-ઓકશન પોર્ટલ પ્રોવાઈડરની વેબસાઇટ પર તા. ૫૫ ઓકટોબર ૨૦૨૬ થી ટેન્ડર દસ્તાવેજના વેચાણ શરૂ થશે. જે "સાદી રેતી ખનિજના બ્લોક માટે ટેન્ડર ફી ની ચુકવણી કર્યા બાદ મેળવી શકાય છે. મોડેલ ટેન્ડર દસ્તાવેજ અને ખનિજ બ્લોકની ટૂંકી વિગતો ઈ-ઓકશન પોર્ટલ ઉપરથી વિનામૂલ્યે મેળવી શકાય છે.

અનુ નં.	ખનિજ બ્લોકનું નામ	સ્થાન (ગામ, તાલુકો, જીલ્લો)	વિસ્તાર (હેકટરમાં)	જમીનનો પ્રકાર (સરકારી/ બીનખેતી)	ખનિજની અંદાજીત ક્વોલી (મે.ટનમા)	ટેન્ડર ફી (₹)
૧	પેશ્યાપુર સાદી રેતી બ્લોક અેલ- ૧૦	પેશ્યાપુર, ગાધીનગર, ગાધીનગર	૬.૪૦.૦૬	સરકારી	૮૯૩૪૪	૧૦૦૦૦
૨	પેશ્યાપુર સાદી રેતી બ્લોક અેલ- ૫	પેશ્યાપુર, ગાધીનગર, ગાધીનગર	૧.૬૩.૩૬	સરકારી	૨૧૮૦૮૬	૫૦૦૦
૩	પેશ્યાપુર સાદી રેતી બ્લોક અેલ- ૨	પેશ્યાપુર, ગાધીનગર, ગાધીનગર	૨.૪૧.૫૦	સરકારી	૩૨૩૬૦	૫૦૦૦

માહિતી/૧૫૪૮/૨૦૨૬-૨૭ - જિલ્લા કલેકટર, ગાંધીનગર
લક્ષ્યાંકોમાં વૃદ્ધિ ખાણકામમાં સમૃદ્ધિ
રૂા૫૧ બ્લોકસની સફળ ઈ-હરાજી

ગાંધીનગરમાં ચાર દિવસીય ઇન્ડસ્ટ્રિયલ ફેરનું આયોજન

અમદાવાદ | ગુજરાતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને (MSME) નવા જગારો અને વ્યવસાયની તકો પૂરી પાડવા માટે ગાંધીનગરના હોલિડે ઓર્કિડ્સ કન્વેન્શન સેન્ટર ખાતે તા.૨૩થી ૨૬ ઓકટોબર દરમિયાન ૧૫મા ઇનિડયા ઇન્ડસ્ટ્રિયલ ફેર 'ઉદ્યમ-૨૦૨૬'નું આયોજન કરાયું છે. જેનું ઉદઘાટન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કરશે. લઘુ ઉદ્યોગ ભારતીના ગુજરાત પ્રદેશ દ્વારા યોજાનારા આ મેળામાં દેશભરના ઉદ્યોગકારો, ઉત્પાદકો, ખરીદદારો અને ટેકનોલોજી સેવાના પ્રતિનિધિઓ ભાગ લેશે. મેળામાં ૫૦૦થી વધુ સ્ટોલ ઊભા કરાશે. એક લાખથી વધુ મુલાકાતીઓ આવે તેવી શક્યતા છે. એન્જિનિયરિંગ, મશીનરી, ઉત્પાદન, ઓટોમેશન, કાસ્ટિંગ, ઓદ્યોગિક સાધનો અને સામુદ્રિક ટેકનોલોજી સાથે સંકળાયેલી કંપનીઓને પોતાના ઉત્પાદનો રજૂ કરવાની તક મળશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૧, ગાંધીનગર
નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)પરીક્ષા ૨૦૨૬-૨૭
શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર તરફથી અમલમાં મુકવામાં આવેલ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ અંતર્ગત યોજાતુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નીચેની વિગતે યોજવામા આવશે.
આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા. ૨૪/૧૦/૨૦૨૬ દરમિયાન ઓનલાઇન કરવાના રહેશે.
➢ પરીક્ષા કાર્યક્રમ

ક્રમ	વિગત	તારીખ
૧	જાહેરનામું બહાર પાડવાની તારીખ	૧૫/૧૦/૨૦૨૬
૨	www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો	૧૫/૧૧/૨૦૨૫ થી ૨૪/૧૦/૨૦૨૫
૩	પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો	૧૫/૧૦/૨૦૨૫ થી ૨૬/૧૦/૨૦૨૫
૪	સંભવિત પરીક્ષા તારીખ અને મહિનો	૧૨/૧૦/૨૦૨૬

➢ વિદ્યાર્થીની શૈક્ષણિક લાયકાત :
➢ જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગર પાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય માત્ર તેવા વિદ્યાર્થીઓ NMMSની પરીક્ષા આપી શકશે.
➢ આવક મર્યાદાની વિગત:
➢ તમામ કેટેગરીમા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રૂ. ૩,૫૦,૦૦૦/- થી વધુ ના હોય તેવા વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર થશે.
➢ શિષ્યવૃત્તિની રકમ:
➢ પરીક્ષા પાસ કરેલ જિલ્લાવાર કેટેગરીવાર નિયત કરેલીમા (રાજ્યના કુલ-૧૦૦૬ વિદ્યાર્થીઓ) મેરીટમા આવતા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧૦૦૦/- લેખે વાર્ષિક રૂ. ૧૨,૦૦૦/- મુજબ બાર વર્ષ સુધી નિયત પાત્રતા